હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર વિસ્તારમાં રામનવમીની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. રામ નવમી નિમિતે પેથાપુર શહેરમાં ભગવાન શ્રી રામની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.આ શોભાયાત્રામાં ભકતો મોટીસંખ્યામાં જોડાશે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા પેથાપુર બજારમાં નીકળનારી ભવ્ય શોભાયાત્રાના રૂટનું નિરીક્ષણ પેથાપુર પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું.

ચૈત્રી નવરાત્રી નિમિત્તે ૨૦૧ દિકરીઓનું કન્યાપૂજન યોજાયું

ગાંધીનગર, તા.૨૯ મા આદ્ય શકિત જગદંબાની આરાધનાનું ચૈત્રી નવરાત્રીનું પાવન પર્વ ચાલી રહ્યું છે. આ પાવ અવસરે ગાંધીનગરમાં ભારત વિકાસ પરિષદની મહિલા પાંખ દ્વારા શહેરના બોરીજ ખાતેની સરકારી શાળામાં કન્યા પૂજનનો કાર્યક્રમ ગાયત્રી મંત્રોના ઉચ્ચારણ સાથે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૨૦૧ દિકરીઓનું તિલક કરી, આરતી-પૂજન કરવામાં આવ્યું હતું. અ?ા પ્રસંગે સર્વે દીકરીઓને દક્ષિણા તથા ભેટ આપી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં પરિષદની શાખાની ૧૫ બહેનો તથા ૩ ભાઈઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ સાથે વિશેષમાં આ કાર્યક્રમની સાથે પરિષદના ડો. સંગીતાબેન જોશીએ આયુર્વેદિક તથા હોમિયોપેથી દવાની કીટનું વિતરણ કર્યુ હતું તેમજ હિમોગ્લોબીન અને એનિમિયા માટે જરૂરી માહિતી આપી હતી.

ખૂણેખાંચરેથી

● જિલ્લાની ડિસ્ટ્રીક્ટ લેવલ બેન્કર્સ કમિટી (ડીએલસીસી)ની આજે કલેક્ટર કચેરીમાં ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.કે. પટેલની અધ્યક્ષતામાં મળી હતી.

● ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાનો આજે જન્મદિવસ તેમણે સાદગીથી ઉજવ્યો હતો.

● ગાંધીનગર સ્થાયી સમિતિના ચેરમેન જે.એસ. પટેલે આજે મનપામાં બધાને પ્રિતી ભોજન કરાવ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ઉંચકાયો હતો. સાંજે આકાશ વાદળછાયુ બન્યુ હતુ.

● રામનવમીના પર્વની ઉજવણીના આયોજનની તૈયારીમાં ભક્તો જોતરાયા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તુલસી વલ્લભનિધિ ટ્રસ્ટ આધારિત ભોજનગૃહમાં આજે વોર્ડ નં. ૧૧ના કાઉન્સલરો અને હોદ્દેદારોએ ભોજન પીરસવાની સેવા કરી હતી. ગઈકાલે વોર્ડ નં. ૧૦ના કાઉન્સીલરોએ આ સેવા આપી હતી.

● ગાંધીનગર જીઆઈડીસી આગળ પાર્ક કરેલી રીક્ષા ગઠિયો ચોરી ફરાર થયાની ઘટના નોંધાઈ છે.

● સાંતેજ પોલીસે રહેણાંકના મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો.

● ગાળો બોલવાની ના પાડતા ત્રણ શખ્સોએ એક યુવાનને માર માર્યાની ઘટના સે. ૨૧ પોલીસ મથકમાં નોંધાઈ છે.

● સિવિલ હોસ્પિટલના પાર્કિંગ બહારથી મોટરસાયકલની ચોરી થતાં સે. ૭ પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ છે.

● ગાંધીનગરના વેપારીની દિકરીની એક્ટીવાને ટેમ્પાચાલકે ટક્કર મારતાં દિકરી ઈજાગ્રસ્ત થઈ છે.

● દહેગામ-નરોડા રોડ વચ્ચે આવેલ નર્મદા કેનાલ પાસે ગાડીચાલકે આઈસરને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો.

● દહેગામમાં તસ્કરોનો આતંક : એક રાતમાં ૧૧ દુકાનના તાળા તુટતાં નગરજનોમાં ભયની લાગણી પ્રસરી છે.

● આગામી ૪ એપ્રિલ, ૭ એપ્રિલ અને ૮ એપ્રિલના રજાના દિવસોમાં પણ સબરજીસ્ટ્રારની કચેરીઓ કામગીરી ચાલુ રાખશે.

● સ્કૂલ ઈન્સ્પેક્ટર્સને તેમની મૂળ શાળામાં હાજર થવા જીસીઆરટી દ્વારા આદેશો જારી કરવામાં આવ્યા છે.

● સે. ૭ સ્થિત ચૌધરી કોલેજના વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ છે.

● સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે જી.૨૦ને લઈ દોડનું આયોજન કરાયુ હતુ જેમાં ૩૦ જેટલા વિદ્યાર્થી અને અધ્યાપકોએ ભાગ લીધો હતો.

● કલોલ નગરપાલિકા દ્વારા વોક મેરેથોનનું આયોજન કરાયુ હતુ.

ખ-૬ થી ગ-૬ માર્ગ પરનો બનાવ

ટેમ્પાના ચાલકે ઈલેક્ટ્રીક સ્કુટીને ટક્કર મારતા અકસ્માત સર્જાયો

ગાંધીનગર,તા.૨૯ શહેરના ખ-૬ થી ગ-૬ તરફ જવાના માર્ગ પર ગઈકાલે સાંજના સમયે અતુલ શકિત ટેમ્પાના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ઈલેક્ટ્રીક સ્કુટીને પાછળથી ટક્કર મારતા બે બહેનપણીઓ નીચે પટકાઈ હતી. બંન્ને દિકરીઓ રોડ પર પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. જયારે અકસ્માત બાદ ટેમ્પો ચાલક નાસી ગયો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩સી પ્લોટ નં.૧૦૨૩-૨ ગાંધીનગર ખાતે રહેતા જીગર બંસીલાલ શાહ પરિવાર સાથે રહે છે અને સેકટર-૧૩ ખાતે ઉન્નતિ પાર્લર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓને બે દિકરીઓ છે, જેમા મોટી દિકરી જીલ અને નાની દિકરી માહિ છે.જે ધોરણ-૧૧ સાયન્સમાં કડી સ્કુલ ખાતે અભ્યાસ કરે છે. જયારે સેકટર-૨૪ ખાતે બપોરે ૩.૩૦ થી ૭.૩૦ ટયુશન કલાસમાં જાય છે. ગઈકાલે જીગરભાઈ તેમના પાર્લર પર હાજર હતા.ત્યારે મોડીસાંજે પોણા આઠ વાગે તેમના પત્નીનો ફોન આવ્યો હતો તેઓએ જણાવ્યું કે માહિનો ફોન આવ્યો છે અને કહ્યું કે ગાંધીનગર ખ-૬ થી ગ-૬ તરફ જતા માર્ગ પર ગોપાલ ડેરીની સામે તેને અકસ્માત થયો છે. હું ત્યાં જાવ છુ અને તેમ ત્યાં આવો, જેથી જીગરભાઈ તાત્કાલીક સ્થળ પર દોડી ગયા હતા. ત્યાં જઈને જોયુ તો તેઓની દિકરી માહી તેમજ તેની બહેનપણી રીયા અને ઈશા હાજર હતા. જીગરભાઈએ અકસ્માત અંગે તેમની દિકરીને પુછતા જણાવ્યું કે હું અને રીયા તેમજ ઈશા ટયુશન કલાસ પુર્ણ કરી રોડની બાજુમાં વાહન પાર્ક કરી વાતચીત કરી રહ્યા હતા. તે સમયે ખ-૬ થી ગ-૬ તરફ જવાના માર્ગ ગોપાલ ડેરીની સામે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અતુલ શકિતના ટેમ્પાના ચાલકે ઈલેક્ટ્રીક વાહનને પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેથી ત્રણેય બહેનપણીઓ નીચે પડી ગઈ હતી. અકસ્માત સર્જીને ટેમ્પો જઈ રહ્યો હતો તે સમયે નંબર જોતા જી.જે.૧૮.એ.વાય.-૬૪૩૦ નો હતો. ત્રણેયને ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયાં ત્રણ બહેનપણીઓને સારવાર આપી રજા આપી દેવામાં આવી હતી.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા ખાતે પોષણ પખવાડિયા નિમિતે મિલેટ્સ વર્ષ ૨૦૨૩ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૯ સરકારી હોમિયોપેથીક દવાખાના ચિલોડા અને આઈ.સી. ડી.એસ. શાખા ચિલોડા ના સયુંક્ત ઉપક્રમે આંગણવાડી કેન્દ્ર ચિલોડા ખાતે પોષણ પખવાડિયા નિમિતે આંતરરાષ્ટ્રીય મીલેટ્સ વર્ષ ૨૦૨૩ ની ઉજવણી ના ભાગ રૂપે આંગણવાડી ના બાળકો , વાલીઓ અને ગ્રામજનો માટે એક જાગૃતિ શિબિર યોજાઈ જેમાં ડો. ઘનશ્યામ પ્રજાપતિ , PLV શ્રી નટુભાઈ પટેલ અને આંગણવાડી સુપરવાઈઝર શ્રીમતી જિજ્ઞા બેન પટેલ હાજર રહી ને ગ્રામજનો ને મિલેટ્સ ના ઉપયોગ અને ફાયદા વિશે જાણકારી આપી હતી.

સે-૨૫ વિવેકાનંદનગરનો બનાવ

ગાળો નહી બોલવાનું કહેતા, યુવક પર ત્રણ શખ્સો લાકડી લઈ તુટી પડ્યા

ગાંધીનગર, તા.૨૯ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરની સેકટર-૨૫ જીઆઈડીસી વિવેકાનંદનગર ખાતે ત્રણ યુવકો જાહેરમાં ગાળો બોલી રહ્યા હતા.જેથી એક યુવકે ગાળો બોલવાની ના પાડતા જ ત્રણ શખ્સો યુવક પર લાકડી વડે તુટી પડ્યા હતા. બનાવ અંગે યુવકે સેકટર૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૫ જીઆઈડીસી પાસે આવેલા વિવેકાનંદનગર બ્લોક નં.૭-૧૫ ખાતે રમેશ અરજણભાઈ રાઠોડ (દેવીપુજક) પરિવાર સાથે રહે છે અને સેકટર-૨૪ ખાતે શાકભાજીનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે રાત્રીના સાડા આઠ વાગે ઘરેથી નીકળી રમેશ બાજુમાં આવેલી દુકાને બીડી લેવા માટે ગયો હતો. ત્યાં બે ત્રણ યુવકો ગાળાગાળી કરી વાતચીત કરી રહ્યા હતા.

જેથી રમેશભાઈએ જાહેરમાં ગાળો ના બોલો અહીયા આજુબાજુમાં બધા રહે છે. તેમ કહેતા જ ત્રણેય જણા રમેશ પર ઉશ્કેરાઈ જઈને તુ મને કહેવાવાળો કોણ છે તેમ કહી રમેશ સાથે ગાળાગાળી કરી માથાકુટ કરી રહ્યા હતા. તે સમયે ત્રણ પૈકી એક શખ્સ શંકર પટ્ટણી લાકડી લઈ આવી રમેશને માથાના અને હાથના ભાગે ફટકારી દીધી હતી.જયારે બે યુવકોએ રમેશને ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે હોહા થતા પાડોશીઓ અને યુવકનો દિકરો આવી જતા ત્રણેય શખ્સો નાસી ગયા હતા.પરંતુ ત્રણેય જતા સમયે કહેતા ગયા હતા કે હવે મારુ નામ લેશો તો જાનથી મારી નાંખીશ. જયારે યુવકને ઈજા પહોંચતા સિવિલ ખસેડાતા સારવાર દરમિયાન હાથે ફ્રેકચર હોવાથી એડમીટ કરેલ છે. બનાવ અંગે યુવકે ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૭ અને અડાલજ વિસ્તારમાં બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૯ ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં તાત્કાલીક વિભાગ પાસેથી સ્પ્લેન્ડર બાઈકની ચોરી થઈ છે. જયારે બીજીતરફ અડાલજ વિસ્તારમાં વૈષ્ણોદેવી ઓવર બ્રિજ નીચે પાર્ક કરેલા બાઈકની ચોરી થતા ચકચાર મચી ગઈ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ માંડલ તાલુકાના ઉગરેજ ગામના વતની પ્રહલાદજી સકુજી ઠાકોર પરિવાર સાથે રહે છે અને વિઠ્ઠલાપુર જી-૫ કંપનીમાં ફરજ બજાવે છે. યુવક નોકરી પર આવન જાવન માટે હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.ડી.એચ.-૬૫૫૫ નો ઉપયોગ કરતો હતો. જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગતરોજ તાત્કાલીક સારવાર વિભાગ પાસે બાઈક પાર્ક કરીને યુવક પોતાની દિકરી વોર્ડમાં દાખલ હોવાથી તેના ખબર અંતર પુછવા માટે ગયો હતો.ત્યરાબાદ બપોરના એક વાગે પરત ફરતા જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું.

યુવકે સેકટરોમાં તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી.પરંતુ બાઈક મળી ન આવતા યુવકે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જયારે બીજા બનાવમાં અડાલજ પોલીસ મથક વિસ્તારમાં વેષ્ણોદેવી બ્રિજ નીચે પાર્કીંગમાંથી સ્પ્લેન્ડર બાઈકની ચોરી થવા પામી છે. એન્ટાસ ફાર્માસ્યુટીકલ્સ માં ફરજ બજાવતો ભાવેશ જયેશભાઈ સોલંકી ઝુંડાલ સહજાનંદર હીલેનીયમ ખાતે રહે છે. જયારે નોકરી પર આવન જાવન માટે વૈષ્ણોદેવી થી એન્ટાસ કંપનીની બસમાં બેસી જાય છે. પરંતુ ભાવેશ ઘરેથી બાઈક નં.જી. જે.૦૯. સી.બી. -૪૪૬૩ લઈ વૈષ્ણોદેવી સર્કલ સુધી આવતો હતો અને બ્રિજ નીચે બાઈક પાર્ક કરતો હતો.

ગત તા.૨૪ માર્ચના રોજ રાત્રીના પોણા દશ વાગ્યાના અરસામાં બાઈક કે.ડી. હોસ્પિટલના ગેટ નં-૨ ની સામે ઓવરબ્રિજની નીચે સાઈડમાં પાર્ક કરી લોક મારી બસમાં બેસી નોકરી ગયો હતો.જયારે બીજા દિવસે સવારે ૮ વાગે નોકરી થી આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સિવિલમાં શૌચાલયમાંથી આવતુ વોટરકુલરનું "પાણી"

ગાંધીનગર, તા.૨૯ ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં દવા બારી પાસે આવેલા શૌચાયલમાંથી વોટર કુલરનું કનેકશન આપવામાં આવ્યું છે. શૌચાલયનું પાણી દર્દીઓ તેમજ સગાઓને તંત્ર દ્વારા પીવડાવવામાં આવે છે. બિમાર વ્યકિતઓ સ્વસ્થ થવા માટે સિવિલમાં આવતા હોય છે. પરંતુ આ સિવિલનું પાણી પીને દર્દીઓ વધુ બિમાર પડે તો નવાઈ નહી. ત્યારે સિવિલમાં રોજ કલાકો સુધી રાઉન્ડ મારતા સિવિલના સત્તાધિસોને આ કુલર નજરે પડ્યું નથી. સિવિલના સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં રોજના હજજારો દર્દીઓ સારવાર માટે આવે છે. શહેરની સિવિલમાં આરોગ્યલક્ષી સુવિધા માં વધારો થયો છે. તાવ થી માંડીને ડાયાલીસીસ સુધીના દર્દીઓ આવે છે. રોજની ૧૫૦૦ થી વધુની ઓપીડી હોય છે. ત્યારે કેસ બારી પાસે દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. તો દવા માટે પણ ભારે ભીડ હોય છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા દર્દીઓને પીવા માટે વોટર કુલર ફીટ કરવામાં આવ્યું છે.પરંતુ આ વોટર કુલર શૌચાલય પાસે છે. જેથી ના છુટકે પણ તરસ લાગી હોય તે વ્યકિત પાણી પીવા માટે જાય. જયારે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા દર્દીઓને એ પણ ખબર નથી કે વોટરકકુલરનું કનેકશન શૌચાલયમાંથી આપવામાં આવ્યું છે. જયારે વોટર કુલર પાસે આરઓ પ્લાન્ટ પણ ફીટ કરવામાં આવ્યો નથી. ત્યારે ધાબા પર રહેલી ટાંકીનું પાણી શૌચાલય માટે આવતુ હોવાથી ટાંકીની સફાઈ પણ યોગ્ય સમયે થાય છે કે કેમ તે જોવુ રહ્યું. જયારે કનેકશન ફીટ કરનાર કે વોટર કુલર શરુ થયા પછી પણ કોઈ સિવિલના સત્તાધિશ કે અધિકારીની નજર પણ આ વોટર કુલર પડી નહી હોય. ત્યારે સિવિલમાં પોલંમપોલ ચાલતુ હોવાનું આ ઉત્તમ ઉદાહરણ કહી શકાય. ત્યારે આરોગ્યના ધામમાં પણ બિન આરોગ્યપ્રદ પાણી પીને દર્દીઓની તબિયત વધુ બગડે તો નવાઈ નહી.

સેકટર-૨૧માંથી ૩૦૦ જોડી બુટની ચોરી કરનાર બે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૯ તાજેતરમાં સેકટર-૨૧ સરકારી મકાન પાસે લારીમાં મુકી રાખેલા રૂ.૧ લાખના ૩૦૦ જોડી બુટની ચોરી થવા પામી હતી. વેપારીએ બુટ ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. ત્યારે એલસીબી પોલીસે ૩૦૦ જોડી બુટ ચોરી કરનાર બે શખ્સોને પકડી પાડી મુદ્દામાલ રીકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર એલસીબી પીએસઆઈ એમ.જે. મકવાણા ટીમના સભ્યો સાથે ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાંથી રૂ.૧ લાખની કિંમતના ૩૦૦ જોડી બુટની ચોરી કરનાર અરબાઝ આરીફભાઈ શેખ (રહે.પેથાપુર) અને ક્રિષ્ન હેમરાજભાઈ પ્રજાપતિ (રહે ગાંધીનગર) ને પકડી પાડી તેઓની પાસેથી ૩૦૦ જોડી બુટ મુદ્દામાલ રીકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સેકટર-૨૧ સરકારી શાળા પાસે રોડ પર બેસીને બુટનો વેપાર કરતા વેપારી અમદાવાદ થી આવે છે. તાજેતરમાં દબાણ ચાલતુ હોવાથી વેપારી બુટનો સામાન લારીઓમાં ભરીને જ ટાઈપના મકાન પાસે મુકી દીધો હતો. જયારે દબાણ હોવાથી વેપારી કેટલાક દિવસ ગાંધીનગર આવ્યા ન હતા. પરંતુ એક દિવસ આવીને જોયુ તો એક લારી અને ૩૦૦ જોડી બુટ ચોરી થઈ ગયા હતા.

ચિલોડા માર્કેટ યાર્ડમાં ચણા તથા રાયડા ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ

ગાંધીનગર,તા.૨૯ સરકારશ્રી દ્વારા રાયડા ના ૨૦કિલોના ૧૦૯૦ તથા ચણા ના ૨૦કિલોના ૧૦૬૭ ટેકાના ભાવ નક્કી કરવામાં આવ્યા છે ભારત સરકારની પી. એસ એસ યોજના હેઠળ ટેટા ના ભાવે ખરીદી વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત ચિલોડા માર્કેટ યાર્ડ ખાતે ગાંધીનગર તાલુકા સહકારી ખરીદી વેચાણ સંઘ દ્વારા રાયડા ની ખરીદી શરૂ કરવામાં આવી જેમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર તાલુકા સંઘના ડિરેકટર જૈમીનભાઈ પટેલ અધિકારી ગાંધીનગર વિસ્તતરણ અધિકારી ગાંધીનગર સંસ્થાના મેનેજર હાર્દિક કે વાઘેલા સંસ્થાના કન્સલ્ટન્સ મણીભાઈ એચ પટેલ ગુજકો માસોલ લાયઝન અધિકારી રાકેશભાઈ એ પટેલ પ્રતિનિધિ નવીનભાઈ એ પટેલ રાહુલ એન ઉપાધ્યાય તથા ચણા લઈને આવેલ ખેડૂતો અને સંસ્થાના સ્ટાફ ઉપસ્થિતિમાં ખરીદી શરૂ કરવામાં આવી હતી દહેગામ તથા ચિલોડા સેન્ટર ખાતે ચણા નોધણી કરાવેલ ખેડૂતો ગાંધીનગર તાલુકાના ૮૨ ખેડુત કલોલ તાલુકાના ૨ ખેડૂત માણસા તાલુકાના ૪૩ ખેડૂતો દહેગામ તાલુકાના ૧૦૯ ખેડૂતો રાયડાના ખેડૂતોની નોંધણીમાં ગાંધીનગર તાલુકાના માત્ર ૦૬ ખેડુતો માણસા તાલુકાના માત્ર૦૪ ખેડુતોએ નોંધણી કરવી છે

ચિલોડા પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ અને ધોરણ૮ ના વિદ્યાર્થીઓ નો વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો

ચિલોડા પ્રાથમિક શાળામાં તા. ૨૯ મી માર્ચ બુધવારના રોજ સવારે વાર્ષિકોત્સવ અને ધોરણ ૮ના ૫૫ વિધાર્થીઓને વિદાય અને શુભેચ્છા સમારંભમાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યકમો રજૂ કર્યા આ પ્રસંગે ગામના સરપંચ જયમિન ભાઈ પટેલ એસએમસી ના સભ્યો હાજર રહ્યા હતા પીએલવી શિક્ષણવિડ નટુભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં વિદાય લેતા ૫૫ વિધાર્થીઓને પેન ભેટ આપી બાળકોના શિક્ષણ ના અધિકાર તથા અન્ય અધિકારો વિશે માહિતીગાર કર્યા હતા શાળાના આચાર્ય શ્રી હર્ષદ ભાઈ પટેલે મહાનુભાવો નું શાબ્દિક સ્વાગત કર્યું હતું તમામ વિધાર્થીઓ ને એસએમસી સભ્ય કાળીબેન ટીનાજી ઠાકોરે તરફથી ચોકલેટ નું વિતરણ કર્યું હતું